
૧૪૦
c

1600/127




# મારી ગાય

૫૫

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા · સંપાદકો, ગિજુભાઈ ને તારાબેન

એપ્રિલ · ૧૯૪૯ ] ☆ [ કિંમત · ચાર આના

૫૯

ગુજરાત ... મંદિર ... અમદાવાદ

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૫૫ મું
સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# મારી ગાય

: લેખક :

ગિજુભાઇ

卐

: મુખ્ય વિક્રેતા :
આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૪૯

પાંચ આના

: પ્રકાશક :
અચરતલાલ ર. શેઠ
ધી વિરાટ પ્રકાશન મંદિર
સોનગઢ · (સૌરાષ્ટ્ર)

: મુદ્રક :
રેવાશંકર હરિશંકર જાની
શ્રી ગ્રામલક્ષ્મી પ્રિં. પ્રેસ
સોનગઢ · (સૌરાષ્ટ્ર)

* * *

બાલસાહિત્યમાળાનાં
૮૦ પુસ્તકો

*

દરેકની કિંમત ચાર આના

(આખા સેટના રૂ. ૨૦-૦-૦)
ટપાલખર્ચ જુદું

કુલ નકલ ૯૭૭૫

પહેલી આવૃત્તિ
ત્રણ મુદ્રણો
કુલ ૪૫૭૫

બીજી આવૃત્તિ
બે મુદ્રણો
૪૪૫૦ નકલો

તૃતીય મુદ્રણ
૭૫૦ નકલો
૨૦ : ૪ : '૪૯

# મારી ગાય

એક દિવસ મને થયું: "ચાલ ને ગાય રાખું? આ ભરવાડનું દૂધ ખાઈને તો કંટાળ્યા. વારેવારે એમાં ભેગ આવે છે, ને કહીએ છીએ ત્યારે તડ દઈને સંભળાવે છે કે 'ન પાલવતું હોય તો પડયું મૂકો.' ઘરની ગાય હોય તો એક તો તાજું દૂધ મળે ને વખતે ઓરણપોર દૂધની જરૂર પડી તો દોહી લેતાં કેટલી વાર? અને ગાય તો ઘરના આંગણાની શોભા છે ને?

"ગાયનું વાસીદું એટલું આકરું પણ નહિ. ભેંશ રાખી હોય તો વળી જુદી વાત. આખું ફળિયું બગાડી મૂકે ને આંગણામાં ઊભું ન રહેવાય!

"ગાયનાં વાછરડાં થશે તો ભલા, છોકરાં એમની સાથે રમશે. વાછરડાં નાનાં હોય છે

ઓરણપોર=ટાણેકટાણે; વેળાકવેળાએ

ત્યારે રમાડવા જેવાં પણ હોય છે."

વિચાર પાકો થયો ને ઘરધણિયાણીની સલાહ લીધી. તેણે પણ ટાપશી પૂરી: "ગાયનું દૂધ હમણાં તો સાવ મોળું છાણ જેવું આવે છે. એક તો ઘરઘરાઉ દૂધ મળશે ને વધારામાં છાણનાં છાણાં પણ થપાશે. આપણો કાંઈ એટલો બધો દૂધનો વરો નથી કે બધું દૂધ વપરાઈ જાય. વધારાનું મેળવશું, અને એની છાશ થશે તે આડોશીપાડોશીને આપવા થશે. માખણનું રૂપાળું તાજું મોઘર જેવું ઘી તો થશે! હા, એક દો'વાની જરા ઉપાધિ છે; પણ એ તો હું...."

વચ્ચે જ મેં કહ્યું: "ના, દો'વાનું કામ તો હું જ કરીશ. નાનપણમાં મેં બકરી દોહી છે એટલે દો'તાં ઝટ આવડી જશે. એમ તો ગાયની આળપંપાળ તો હું જ કરવાનો. તારે ઘરનાં કામ ક્યાં થોડાં છે?"

ઘરધણિયાણીનો એકમત થયો ને ગાય ખરીદવાનો વિચાર ખીલે બંધાયો.

ટાપશી પૂરવી=વાતમાં હાએ હા કરવી     વરો=વપરાશ

ત્યારથી મેં કોઈ એકાદ નમણી, ભરાવદાર, દૂધાળ ને હેતાળ ગાય શોધવા માંડી. એવી ગાય કાંઈ રેઢી પડી નથી હોતી. ગામનો ભરવાડવાડો તો જોઈ વળ્યો પણ એકે ય ગાય ગમી નહિ. કોઈનો રંગ ન ગમ્યો તો કોઈનાં શીંગડાં ન ગમ્યાં; કોઈની પૂંછડી વાંકી હતી તો કોઈના કાન ટૂંકા હતા; કોઈ દૂધાળ હતી પણ હેતાળ જરા યે નહિ; કોઈ ડિલે ભરાવદાર ખૂબ પણ દૂધ જોઈએ તો ૨ા થી ૩ા શેર.

સવારે વહેલો ઊઠું ને ઝટઝટ પરવારું. આજ એક ગામ તો કાલે બીજું ગામ. રોજનું એક ગામ ફરું પણ સાંજે નિરાશ થઈ પાછો વળું. ક્યાંઈ મનમાની ગાય ન મળે. સાંજે ઘેર આવી ધણિયાણીને બધી વાત કરું. એ બિચારાં કાન દઈ ને સાંભળે ને છેવટે કહે: "એ તો સારી ગાય માટે એટલી મહેનત પડે ય ખરી."

ગાય શોધવામાં ઘણા દિવસો ચાલ્યા ગયા. રોજનો કામધંધો ખોટી થતો જ હતો. જોષ જોવરાવવા આવનાર પાછા જાય; સત્યનારાયણની કથા વાંચવાનું આવે, પણ થાક્યા પાક્યા

જવાનું મન ન થાય ને ના પાડવી પડે. પણ ગાય મળે નહિ ત્યાં શું કરવું? એમ તો થયા જ કરતું કે ક્યારે ગાય આવે ને ક્યારે એને પંપાળું? ક્યારે એને 'પા....હો, પા....હો!' કરીને પાણી પાઉં ને ડચ ડચ કરીને બોલાવું?

ગાય આવે તે પહેલાં તો મેં એને માટે પોલરીઓ ઘડાવા નાખી; એનાં શીંગડાં રંગવા સિંદૂર ખરીદી રાખ્યો; એને માટેના ખડનું સાટું પણ કરી રાખ્યું.

ઘરમાંથી પણ એવાં જ હોંશીલાં હતાં. શેરી આખીને કહી રાખેલું કે છાશ થશે તે ખુશીથી લઈ જજો. ગોરસાં વેચવા કુંભાર આવેલો તે ગોરસાં પણ લઈ રાખેલાં.

એમ કરતાં ઘણા દિવસ ગયા. એક વાર ગાયના જ વિચાર કરતાં કરતાં ઊંઘ આવી ગઈ ને સ્વપ્નું આવ્યું.

સ્વપ્નામાં જાણે એક મોટો જંગી વડ છે, ને નીચે ગાયોનું ધણ બેઠું છે; ગોવાળ વાંસળી વગાડે છે; ગાયો છાંયામાં બેઠી બેઠી

પોલરીઓ = ઝાંઝરીઓ

વાગોળે છે ને ઝોકાં મારે છે; કોઈ કોઈ નાનાં નાનાં વાછરુ જરાતરા આમતેમ દોડે છે ને ગળાના નાના ઘૂઘરા વાગે છે.

બધી ગાયો વચ્ચે એક હાથણી જેવી ગાય બેઠી છે. રંગે સુંદર મજાની ધોળી છે. શીંગડાં ખાસાં મજાનાં વાંકડિયાં છે. આંખે, કાને, મોઢે એવી તો નમણી છે કે બસ! વાંસો તો પીઢિયા જેવો પહોળો ને ધાટીલો છે, ને પૂંછડું લાંબું ને છેડે ગુચ્છાદાર છે.

ગાયને જોઈને મારે સોળે કોઠે જાણે કે દીવા પ્રગટ્યા. મને થયું: "હા! આવી જ ગાય જોઈતી હતી. એ જ ગાય મારે જોઈએ. એવી જ હું શોધતો હતો."

હું તો ગાયને એકીટસે જોઈ જ રહ્યો. "હાશ! ઠીક થયું. આખરે જોઈતી હતી તેવી ગાય જડી. ઘરમાંથી પણ રાજી થશે. ચાલ, ગોવાળને પૂછું કે કેટલા રૂપિયા પડશે."

ગોવાળ તો વાંસળી વગાડવામાં હતો. ધીમે ધીમે હું એની પાસે ગયો ને પૂછ્યું: "એ ભાઈ! આ ગાય વેચાઉ છે? શું લેવું છે?"

ગોવાળ મારા પ્રશ્નનો ઉત્તર આપે તે પહેલાં તો ઘરમાં ઉંદરડાએ ડબ્બો પાડ્યો ને હું જાગી ગયો.

સ્વપ્નું ઊડી ગયું પણ પેલો વડ અને ગોવાળ અને ગાયોનું ધણ અને પેલી ગાય તો આંખ આગળથી ખસે જ નહિ!

ઘરવાળીને જગાડીને બધી વાત કહી સંભળાવી. એ તો રાજીરાજી થઈ ગઈ.

ક્યારે સવાર થાય ને સ્વપ્નામાં જોયેલ ગાય જેવી ગાય શોધવા જાઉં એમ મનમાં થઈ રહ્યું. ઊંઘ તો પછી ક્યાંથી આવે? આંખ આગળ પેલી ગાય ને ગોવાળ ને વડ તો ઊભાં જ હતાં. ચાર વાગ્યા એટલે તો ઊઠ્યો. ઝટઝટ દાતણ કરી લીધું, જરાક નાસ્તો કરી લીધો ને હાથમાં લાકડી લઈ કેડે રૂપિયાની વાંસળી બાંધી ચાલતો થયો.

ચાલતાં ચાલતાં ઘરમાં કહ્યું: "એ…કદાચ ને બેચાર દિવસ થઈ જાય તો મૂંઝાશો નહિ.

રૂપિયાની વાંસળી = રૂપિયા ભરીને કેડે બાંધવાની લાંબી ને પાતળી સૂતરની ગૂંથેલી કોથળી

આ વખતે એકલો પાછો નહિ ફરું."

હું તો ગામેગામ જોવા ઊપડ્યો. એક દિવસમાં ત્રણ ગામનાં પાદર જોઈ વળ્યો. એમ તો પગમાં જોર હતું અને મનમાં નિશ્ચય હતો કે લેવી તો એવી જ ગાય લેવી. પહેલા દિવસની સાંજ પડી ગઈ અને દિવસ ખાલી ગયો. એમ જ બીજે દિવસ પણ ખાલી ગયો. ત્રીજે દિવસે પણ પત્તો ન લાગ્યો. હવે મનમાં થવા લાગ્યું: "અરે ભલા માણસ! સ્વપ્નાં એ તો સ્વપ્નાં કહેવાય; એમાં દેખાય એવું તે ક્યાંઈ થોડું જ જડે છે?"

પણ વાત ગળે ઊતરતી ન હતી. જાણે કોઈ ઊંડેથી કહેતું હતું કે જરૂર એવી ગાય તને મળશે.

ચોથા દિવસના ખરા બપોર તપ્યા. માથે સૂરજ નારાયણ આવ્યા. પેટમાં કુરકુરિયાં બોલવા લાગ્યાં, મોઢું સુકાવા લાગ્યું, પણ હું તો ચાલ્યો જ જતો હતો. ગાયનું નામ જપતો જતો હતો.

ત્યાં તો લીલુંછમ જેવું દેખાયું. આંખ ઉપર હાથ રાખી જોયું તો મોટો ઘટાદાર વડ હતો. એની નીચે ગાયનું ધણ બેઠું હતું. શરીર આખાનાં રૂંવાડાં હલી ગયાં. મન હરખી ઊઠ્યું: "હાશ! વખતે અહીં મારી ગાય મળી જાય!"

પગમાં જોર આવી ગયું. ઊડતો હોઉં તેમ ચાલતો વડ પાસે આવી પહોંચ્યો. ખરેખર સ્વપ્નું જાણે સાચું પડ્યું. ધણની ગાયોમાં કેટલીય સુંદર ગાયો હતી; એમાં એક તો ખૂબ જ સુંદર હતી. એ ગાય બીજી ગાયોની રાણી જેમ બધાની વચ્ચે બેઠી હતી. ધીરે ધીરે વાગોળતી હતી ને જ્યારે વાગોળતાં વાગોળતાં ઝોકું આવી જતું હતું ને ડોક હલી જતી હતી ત્યારે રૂપેરી ઘંટડી ટન ટન વાગતી હતી.

ગોવાળ પાસે જઈને મેં સીધેસીધું જ પૂછ્યું: "ભાઈ! આ વચલી ગાય વેચવી છે? મારે એ લેવી છે."

ગોવાળ મારી સામે તાકીને થોડી વાર જોઈ રહ્યો. પછી બોલ્યો: "હા, વેચવી તો છે

પણ ગાય બહુ કંટી છે. દૂધાળ તો બહુ છે, પણ હળે તો જ દોવા દે તેવી છે."

મેં કહ્યું: "મારે એ લઈ જવી છે. જેટલા રૂપિયા માગો તેટલા આપું. આ મારી કેડે રૂપિયાની વાસળી બાંધી છે."

ગોવાળ કહે: "પે'લા તમે એને લઈ જાવ. તમારે ત્યાં એ રહે ને હળી જાય તો પછી નાણાં મોકલજો. મારે નાણાંની ઉતાવળ નથી."

ગોવાળ ગાય પાસે ગયો ને ગળે હાથ ફેરવી બોલ્યો: "લે ઊઠ, ઊભી થા, માવડી! જા, આની સાથે જા. જોજે, પાટુ મારીશ નહિ ને શિંગડે પણ ચડાવીશ નહિ."

હું ગાય પાસે ગયો ને મેં કહ્યું: "લ્યો ઊઠો ત્યારે; ચાલો, ઘરે રાહ જુએ છે." ગાય ઊભી થઈ ને મારી પાછળ ચાલી નીકળી.

મારા મનનો હરખ તો ક્યાંઈ માતો ન હતો. હું તો ગાયના ગળાની ટોકરીના રણકાર સાંભળતો હતો. મનમાં વિચારો ચાલ્યા.

કંટી = હઠીલી; તોફાની

જતા હતા: "આવું એક સારું મજાનું છાપરું બાંધીશ. દૂધ દોહવા માટે આવી એક બોઘડી રાખીશ. છે તેનાથી સારી એવી રૂપાની એક ઘંટડી કરાવીશ...."

સાંજ પડવા આવી ને ગામે પહોંચ્યાં. રમઝમ કરતી ગાય મારી પાછળ ચાલી આવતી હતી. ગામના લોકો તો ગાયને જોઈ જ રહ્યા: "આ તે ગાય કે હાથણી!" કોઈ કહે: "આ તો ઈંદ્રના ઘરની ગાય લાગે છે. આ બ્રાહ્મણ એને ક્યાંથી ઉપાડી લાવ્યો હશે? કેટલા બધા રૂપિયા પડ્યા હશે?"

હું અને ગાય ઘરે આવ્યાં. ગાયે હીંહોરા કર્યા ત્યાં તો ગોરાણી ઘરમાંથી મલકાતાં મલકાતાં આવ્યાં ને ખડકી ઉઘાડી. હાથમાં કંકાવટી હતી; કાંડે ફૂલની માળા હતી. ગાયને કંકુનો ચાંદલો કર્યો ને ગળે માળા પહેરાવી; ચોખા ઉડાડી ગાયને વધાવી ને નવું બાંગેલું દોરડું લઈ ગાયને ખીલે બાંધી.

---

બોઘડી=બોઘરણી

હીંહોરા=ગાય ચાલતાં અવાજ કરે છે તે

એણે તો ગાય માટે ખડ અને ખાણુ આણી જ રાખ્યાં હતાં. દોહવા માટે પિત્તળનું નવું બોઘરણું ખરીદી આણ્યું હતું. નોંજણું કોરું ને કોરું પાડોશીને ત્યાંથી માગી આણ્યું હતું.

સાંજ થઈ ને ઝટપટ ઝટપટ ઘરવાળીએ બોઘરણું હાથમાં લીધું ને દોહવા ગઈ. આંચળ પર જયાં પાણી છાંટવા જાય ત્યાં તો ગાય ઊછળીને બીજી બાજુ ચાલી ગઈ.

મને થયું: "હં! પહેલાં ખાણુ આપવું જોઈએ." હું ખાણનું ડબલું એના મોં પાસે મૂકવા ગયો પણ ગાયે મારા સામે શિંગડાં માંડ્યાં. હું પાછો હઠ્યો. ઘરવાળીનું મોં પડી ગયું હતું; હું પણ વિચારમાં પડી ગયો. પેલો ગોવાળ કહેતો હતો કે એ હળે ત્યાર પછી જ નાણાં આપી જજો, એ વાત સાચી લાગી. હું તો 'બાપો બાપો! ગાવડી ગાવડી!' કરવા લાગ્યો ને મીઠાં વેણ બોલી વીનવવા લાગ્યો. થોડી વારે ગાય શાન્ત પડવા જેવી લાગી એટલે ઘરવાળીએ નોંજણું બાંધવા વિચાર કર્યો; ને

---

નોંજણું = દોહવા વખતે ગાયને પગે બાંધવાનું દોરડું

નોંજણું લઈને જ્યાં પગ બાંધવા જાય ત્યાં ગાયે પાટુ મારી ને એ બિચારી તો પડી ગઈ! અને ગાય પણ ગાંડીતૂર થઈ ગઈ. ખીલેથી દોરડું તોડાવી નાખ્યું ને ફળિયામાં દોડાદોડ કરવા લાગી. હું અચરજ પામ્યો: "આવી રૂપાળી ગાય, દૂધે ભરેલી, ને આ શું?" મને થયું: "ચાલ ને હું જ એને દોઉં." પણ મને દોહતાં આવડતું ન હતું. છતાં થયું: "ચાલ, જોઉં તો ખરો, મારા પર ખિજાય છે કે નહિ?"

'બાપો બાપો!' કરતો હું પાસે ગયો. પણ એ તો ખિજાયલી હતી. મારી પાછળ સીધી દોડી ને મને માથું મારી દીધું. જરાક ખસી ગયો, નહિ તો ભીંત ને ગાયની વચ્ચે આવી જાત તો બાર જ વાગત! હું તો નાઠો ને ખાટલે જઈને બેઠો. ગાય આંટા મારવા અને પગ પછાડવા લાગી.

ગોરાણીનું મોઢું તો સાવ વીલું વીલું થઈ ગયેલું. રખે ને આ ખેલ પાડોશી જાણશે તો હસશે એમ ધારી એણે ખડકી બંધ કરી દીધી હતી. અમે તો એકબીજાની સામે જોઈ

રહ્યાં. બિચારાં ગોરાણીએ હોંશથી લાપશી ને વડાં કરેલાં ને ભાત સાથે ગાયનું દૂધ ખાશું એમ ધારેલું. પણ ત્યાં તો ગાયની પાટુ મળી ને ફજેતી થઈ!

હું એમ ને એમ ખાટલા પર બેસી વિચાર કરવા લાગ્યો: "અરે! આ ગાયમાં કાંઈ ખોડ તો નહિ હોય? કાં તો મને એની કોઈ ટેવની ખબર નહિ હોય? વખતે ગાયને ખાણ આપતી વેળા પંપાળવી જોઈતી હશે?"

મેં ફરી વાર હળવેથી ખાણ મૂક્યું ને ગળે હાથ રાખી પંપાળવા લાગ્યો. ગાય ઢાળ-માં આવી જરા ધીમી પડી ને ખાણ ખાવા લાગી. મેં ગોરાણીને કહ્યું: "હવે નોંજણું વાળ્યા વિના દોહી લ્યો. આ ગાય જાતવાળી લાગે છે. જાતવાળી ગાયને નોંજણું ન હોય."

ગોરાણી બોઘરણું લઈને દોહવા બેઠાં ને ઝરણ ઝરણ થતી ધોળી દૂધની સેડ્યો બોઘ-રણામાં પડવા લાગી; જરા વારમાં વાસણ કાંઠા સુધી ભરાઈ ગયું. ઉપર ફીણના ફીણ

ઢાળમાં આવવું = મન ઠેકાણે આવવું

થઈ ગયા. ગાય જરા યે ન હલી કે ચલી. એ તો જેમ પંપાળતો ગયો, એમ પારસો મૂકતી ગઈ, પારસો મૂકતી જ ગઈ.

પછી તો અમે જમ્યાં: લાપસી, મગ અને દૂધભાત. પણ એ ગાયનું કાંઈ દૂધ! અમૃત જેવું મીઠું, મારી જિંદગીમાં નહિ ખાધેલું. ગોરાણીને પણ દૂધ બહુ ગમ્યું. ગાયને ય અમે લાપસી ખવરાવી ને થોડું દૂધ પાયું.

ઘરવાળીના પગમાં હવે જોર આવી ગયું. એણે તો વધેલું દૂધ મેળવ્યું અને વિચાર્યું: "ક્યારે સવાર પડે ને ક્યારે ધમ્મરવલોણું તાણું ને છાશ કરી પાડોશીને આપું!"

જમ્યા પછી મેં ગાયને નીરણ કરી, લાંબી રાત સુધી પંપાળી ને કેટલાં ય મીઠાં વેણ કહ્યાં. સૂતાં સૂતાં મને મારા મનમાં થયું: "ખરેખર, આ ગાય મારા ઘરની લક્ષ્મી છે. હું એને જીવની જેમ સાચવીશ."

સવાર પડ્યું ત્યાં તો ગોરાણીએ ક્યારની

પારસો મૂકવો = દૂધને આવવા દેવું

છાશ કરી લીધી હતી. ગાયને દોહવાનો પણ વખત થઈ ગયો હતો.

તે દિવસે ગોરાણી પાસે બેસી હું ગાય દોહતાં શીખ્યો. બેચાર દિવસમાં મને પણ સારી રીતે ગાય દોહતાં આવડી ગઈ. પછીથી તો હું જ ગાય દોહતો જાઉં ને ગાતો જાઉં:

"લગારેક નંદના છૈયા,
આવો મારી ગાયને દોવા રે.
મારી ગાય તો તુજને હળી,
તુજને દોવા દે;
રોકડો પૈસો રોજનો કાના,
સુખથી માગી લે—
લગારેક નંદના છૈયા,
આવો મારી ગાયને દોવા રે."

ગોરાણી તો રોજ છાશ કરે ને આડોશી-પાડોશી સૌને આપે. પહેલાં છાશ આડોશી-પાડોશીને જ પહોંચતી; પણ પછી તો ધીમે ધીમે આખી શેરી લેવા આવતી. મેં નાનાં ગોરસને બદલે મોટાં ગોરસ ખરીદ્યાં. નાની ગોળીઓને બદલે મોટી ગોળીઓ વસાવી. એ

બધો ગાયનો પ્રતાપ હતો, ને એની શોભા હતી.

પણ ગોરાણીજીને એક દિવસ એમ થયું: "આ આટલી બધી છાશ કરવી કરાવવી એ તો ઠીક, પણ આ બેઠાં બેઠાં સૌને છાશ આપવી તે કોને ગમે?" એને મન તો એ ઉપાધિ થઈ.

મણિવહુ આવ્યાં ને છાશની બોઘરણી ઓશરીની કોરે મૂકી ઊભાં રહ્યાં.

ગોરાણીજી જરા મોં મચકોડી બોલ્યાં: "આ આવ્યાં, હલપતાં મલપતાં છાશ લેવા! એમ છે કે ચાલો જઈને જરા છાશ તણાવીએ કે બે બેઢાં પાણી રેડી આવીએ!"

મણિવહુને ખોટું લાગ્યું: ગોરાણીએ કહ્યું માટે નહિ પણ એની તીખાશ માટે. એ તો છાશ લઈ નીચું મોં ઘાલીને ઘેર ગયાં.

જમતી વખતે ગોરાણી મારી પર જરા ઊતર્યાં: "આ ગાય આવી ને ધ, ઘી, દહીં બધું ખાવાનું તો મળ્યું; પણ મારે તો છાશ લેવાવાળાં વધ્યાં તે છાશ આપીઆપીને કેડ દુખી જાય છે! બોલ્યું તો મારે એક જ વાત

હતી કે ઘરની ગાય નથી. ટીપું દૂધ વેચાતું લાવતાં અને ખાતાં. આ આટલી બધી ખટખટ તો ન હતી?"

મેં ગોરાણીને કહ્યું: "એ તો ચડતા દિવસની નિશાની છે. ઘેર માણસો ક્યાંથી? ને છાશ લેવા આખી શેરીને બદલે આખું ગામ આવે તો તો આપણે બહુ નસીબદાર! આપણા દરબારગઢમાંથી યે આખા ગામને છાશ નથી મળતી, ખબર છે ના?"

વાત ગોરાણીને ગળે ઊતરી નહિ. વાત ત્યાં પડી રહી ને અમે જમી કરીને ઊઠ્યાં.

સાંજ પડી. રોજની જેમ ગાય ઘેર આવ-વાની વેળા થઈ. ગાયને અમે ઝાંઝરીઓ પહે-રાવી હતી. દૂરથી ગાય આવે તે સંભળાય; ઠણુકઠણુક રમઝમ કરતી ઠમકો રૂમકો કરતી ગાય આવે ત્યારે હું ખડકી ઉઘાડું ને ગાયને અંદર લઉં.

હું ગાયની આવવાની વાટ જોઈ રહ્યો, પ ગાય આવી નહિ. આડોશીપાડોશીમાં એકબે

ગાયો હતી તે તો આવી ગઈ હતી. તપાસ કરતો કરતો ગામ બહાર પહોંચું છું ત્યાં તો રાત પડવા આવી. હવે ગાયને ક્યાં શોધવી?

હું તો 'ગોરી, મોરી, લાડુ, ગાડુ, ગાંડી, બાંડી!' એવાં મારાં હેતનાં નામ આપી સાદ પાડવા માંડ્યો, પણ ક્યાંઈથી ઉત્તર ન મળે. હું એક ઝાડ નીચે બેસી વિચાર કરવા લાગ્યો.

સાંભરતાં સાંભરતાં ગોરાણીની બપોર-વાળી વાત સાંભરી. મનમાં થયું: "હં અં, આ લક્ષ્મીઅવતાર ગાય આ ગોરાણી જેવી કંજૂસ ને આળસુને ત્યાં તે કેમ રહે?"

મેં ફરી બૂમ પાડી: "એ ગાંડી, બાંડી, ગોરી, મોરી! ચાલજે, ઘર ભણી."

કોણ જાણે, પણ જાણે ઝાડ પાછળ જ તે છુપાઈ રહી હતી. ઠમકો કરતી સંભળાઈ, ને જોઉં છું તો ગાય મારી સામે જ ઊભેલી!

મેં કહ્યું: "લે, ચાલ હવે."

ઘેર જઈને હું ગાય દોહવા બેઠો. આંચળ ખૂબ ભરેલા પણ એક ટીપું ય દૂધ ન પડે. મને

થયું: "હં, આ દૂધ ચોરે છે એનું કારણ તો ગોરાણી છે—ગોરાણીનો જીવ છે."

"એ ગોરાણી! લ્યો, આ ગાય તો વસૂકી ગઈ! લ્યો હવે છાશ અને દોહવાની પીડા ટળી. એક ટીપું યે દૂધ નથી આપતી. તમે જેવું ઇચ્છ્યું તેવું થયું. હું નહોતો કહેતો કે આ ગાય તો જોગણીનો અવતાર છે? લ્યો હવે...."

ગોરાણી ખૂબ શરમાઈ ગયાં, ને મનમાં સમજ્યાં કે આવો જીવ ન રાખીએ.

પણ તે દિવસ તો ગાયે દૂધ ન આપ્યું તે ન જ આપ્યું!

ગાય આવ્યાને એક વરસ થઈ ગયું. ઘરમાં દૂધઘીની બહોતાળ વધી, ગોરગોરાણી ને છૈયાંછોકરાંનાં શરીર સુંદર મજાનાં થયાં. ગાયને વાછડી થઈ અને ગાય માટે ગૌશાળા બંધાઈ. ગોર મહારાજનું ઘર લીંપેલું ને ગૂંપેલું સુંદર મજાનું દેખાવા લાગ્યું. ઘરનું છાણ ને હોંશીલાં ગોરાણી! પંદર દિવસે ગાર કરે: છાણાંનો તો ક્યાંઈ પાર ન રહ્યો; એક મોટું

મોઢવું થયું. છોકરાં વાછડી સાથે કૂદે ને રમે, ને ગાયના પગ હેઠે થઈને દોડાદોડ કરે.

ગાયનું દૂધ એવું હળવું ને ગુણકારી નીકળ્યું કે ખુદ ગામના રાજાને માટે પણ જાય. ગોરગોરાણી ઉપર રાજાની પ્રીતિ થઈ અને રાજાએ ગોરને રાજમાં કથાવાર્તા કરવા રાખ્યા. રાજાની પ્રીતિ થઈ એટલે તો લોકો પણ ગોર-મહારાજ તરફ વળ્યા. કથાવાર્તા કરવા લોકો પણ મને જ બોલાવે.

સવારથી સાંજ સુધી કામ, કામ ને કામ. લોકો બિચારા ઘેર આંટા ખાય. સત્યનારાયણથી માંડીને ભાગવતની પારાયણ વાંચવાનું મારે માથે; અને ઊપજનીપૂજ પણ વધ્યાં. નવરાશ તો એક ઘડીની નહિ. તો યે સાંજ પડ્યે ગયો હોઉં ત્યાંથી પાછો આવું ને ગાયનું દૂધ દોહી આપું. પણ ધીમે ધીમે પૈસાનો લોભ વધ્યો. માનનો લોભ વધ્યો. મનને થયું: "આ બે વખત ગાય દોહવાની કડાકૂટમાં વખત જાય છે, એના કરતાં

મોઢવું=છાણાંની શેખી

રાજાને એ વાત વધારે કરું તો મન રીઝે ને એ પૈસા વધારે મળે.” રાજાના ખરેખર મારા પર ચાર હાથ હતા. એમ તો કોઈ વાર ત્યાં જવામાં મોડું થાય તો પોતાની ગાડી પણ મોકલતા: પણ આપણે તો બ્રાહ્મણ રહ્યા એટલે કાયમ પગે ચાલીને જતા.

પણ ગાયને માટે એક ભરવાડને રાખવાનો વિચાર નક્કી થયો

બીજે દિવસે સવારે હું તો નાહીધોઈ પાઠપૂજા કરી દરબારમાં ગયો ને ઘેર પાંચો ભરવાડે આવી બોઘરણી લીધી. બોઘરણી લીધી ને ગાય કહે ક્યાં જઈશ! દોરડું તોડાવી છલંગ મારી પાંચાને શિંગડે શિંગડે ભીંતભેગો કર્યો. ગોરાણી તો બૂમેબૂમ નાખે. જીવો મહારાજ પડખેથી આવ્યા ને ભરવાડને છોડાવ્યો.

થોડી વારે ગોરાણી દો'વા ગયાં. એને ય પાટુ મારીને પાડી દીધાં “ગાય દો'વા દેતી નથી; આવીને દોહી જાઓ.” ગોરાણીએ સંદેશો મોકલ્યો. પણ હું તો ઊંચે આસને

બેસી કથા કરતો હતો. રાજાની હાજરીમાં આવો સંદેશો કઢંગો લાગ્યો. જાણે કે અપમાન થતું હોય એમ લાગ્યું. મેં કહાવ્યું: "ન દોહવા દે તો કાંઈ નહિ; એની મેળાએ દેશે. હું હમણાં નહિ આવું."

ગાય શાની દોહવા દે? આજે સીમમાં જવા માટે ખીલેથી દોરડું છોડવા પણ શાની દે? એ તો ધૂંવાપૂંવા થયેલી હતી.

હું ઘેર ગયો. ગાયે મને દેખ્યો ને જોર કરીને દોરડું તોડાવ્યું ને જાણે કહેતી હોય કે "તારે હવે રાજનું માન જોઈએ છે. ગાય નથી જોઈતી. તો હું મારે આ ચાલી!" એમ કરીને એ તો ચાલવા માંડી, ને પછી ચાલતાં ચાલતાં તો દોડવા માંડી!

મને સૂઝ્યું કે પાછળ નહિ પડું તો હાથ જ નહિ આવે! હું પોથીપુસ્તક ઓશરીની કોરે મૂકીને દોડ્યો. આગળ ગાય અને પાછળ હું: દોડીદોડીને દમ નીકળી ગયો; થાકી ગયો. મેં બૂમ પાડી કહ્યું: "એ ગાંડી. બાંડી. ગોઆ, ગોઆ! હવે ઊભાં રહો, આ હું આવ્યો છું."

ગાય ઊભી રહી. મેં કહ્યું: "ગાવડી! એમ તે ખિજાઈને ભાગી જવાતું હશે? એક વાર દૂધ દો'વા ન અવાયું ત્યાં?"

ગાવડી શરમાતી શરમાતી ઘર ભણી ચાલી. રાતના બાર વાગે વાળુભેગાં થયાં. પણ તે દિવસે ગાયે અમૃતથી મીઠું દૂધ આપ્યું, ને તે દિવસથી ગમે તે કામ હોય પણ ગાય દો'વાનું તો મેં મારે જ માથે રાખ્યું. મેં પ્રતિજ્ઞા જ લીધી કે "મોટો રાજા થાઉં કે ઇંદ્ર થાઉં, પણ ગોવાળનું કામ તો હું જ કરીશ."

ગાયના રૂપ અને ગુણની વાતો ચારેકોર ચાલવા માંડી. એના જેવી ગાય આખા મુલકમાં નહિ. રાજાને દરબાર પણ એવી ગાય નહિ. રાજાને એ ગાય લેવાનું મન થયું. મને કહે: "મહારાજ! તમારી ગાય અમને આપો તો રાજદરબાર શોભે. તમ બ્રાહ્મણને ત્યાં એ ગાય નહિ શોભે."

પણ મેં હા કેમ પડાય? અને ના પાડી એટલે તો રાજાનો કોપ થયો ને હુકમ છૂટ્યો:

"બસ, બધું આંચકી લ્યો; ને ગાયને લાવીને દરબારમાં બાંધો !"

એમ કાંઈ ગાય મારી પાસેથી જાય? એ તો મારી પાસે ઊભી રહી તે ઊભી જ રહી. લોક દોરડું ખેંચ્યા જ કરે પણ ખસે જ નહિ ! પછી તો લોકોએ મને જ ઉપાડ્યો, ગોરાણીને ઘર બહાર કાઢ્યાં ને ઘરને સીલ કરી અમને જેલ ભણી ઉપાડ્યાં. ગાય અમારી પાછળ પાછળ ચાલી. અમને જેલમાં પૂર્યાં અને ગાયને દરબાર તરફ હાંકી; પણ કોના ભાર કે ગાય ચાલે !

આખરે રાજા ત્યાં આવ્યો. ગાયને ઉપાડી જવાની ઘણી મહેનત કરી પણ ગાય ચાલે જ નહિ ! સૌની સામે શીંગડાં માંડે.

રાજા થાક્યો ને કહે : "આ ગાય આપણા નસીબની નથી; એને સારુ જેલ જનાર બ્રાહ્મણના જ નસીબની છે. જાઓ, છોડી મૂકો એ બ્રાહ્મણ-બ્રાહ્મણીને, ને જવા દ્યો ગાયને ઘેર."

ફરીથી રાજાએ ગાયને માગી નહિ.

એક વાર એક બાવો આવ્યો. અમારે ત્યાં

બાવા, સાધુ ફકીરો બહુ આવતા; અને હવે તો પ્રભુ પહોંચતો હતો એટલે સૌને અમે હેત કરીને રાખતાં.

બાવાજીએ ગાયને દીઠી ને મન ચળ્યું. મારી પાસે માગણી કરી: "મહારાજ! માગો તેટલા રૂપિયા આપું પણ આ ગાય આપો."

મેં કહ્યું: "જોઈએ તો મારી જિંદગી લ્યો, પણ આ ગાય ન આપું."

બાવાએ મંત્રતંત્ર શીખવવાનું કહ્યું; બાવાએ જોગયોગ શીખવવાનું કહ્યું; રિદ્ધિ-સિદ્ધિનો માર્ગ બતાવવાનું વચન આપ્યું; ઘણી લાલચ આપી. પણ મેં ના જ ભણી.

બાવાએ કહ્યું: "તો હું શાપ આપું: તારું ધનોતપનોત થઈ જાય!"

મેં કહ્યું: "તારાથી થાય તે કરી લે. આ ગાય તો તને નહિ જ આપું. એ તો જીવ સાટે છે. એ મારા ઘરની કામદુધા છે; મારું ધન છે; મારા ઘરની શોભા છે."

કામદુધા=ઈંદ્રની ગાય; જે માગીએ તે આપે તેવી ગાય

બાવાજી નરમ પડ્યા. રાતે વાળુ કરીને ૂતા. મધરાતે ધક્ ધક્ કરતો અવાજ થયો ને જાગીને જોઉં છું તો બાવાજી ગાયના પગ તળે છે અને ગાય તેને ખૂંદે છે! મેં કહ્યું: "હં હં, ગાંડી બાંડી! જવા દે. એવો લોભ તો માણસ માત્રને થઈ જાય છે."

ગાયે બાવાજીને છોડ્યા અને બાવાજી જીવ લઈને નાઠા. બાવાજી ગાયને ચોરી જતા હતા, તે તેમને જ ભાગી જવું પડ્યું!

આ ગાયની વાતો તો દેશપરદેશ ચાલેલી. અને એથી જ આવા બાવાજી જેવા એને જોવા ને લઈ જવા આવતા. કોઈ કોઈ વાર તો વળી રાજદરબારોમાંથી છૂપા વેશે માણસો આવતા અને ગાયની માગણી કરતા. મારા મનમાં કાંઈ કાંઈ થઈ જતું. આ લોકોની દાનત તો ગાયને પોતાને આંગણે બાંધવાની હતી. એવી સુંદર ગાય તો કોને ન ગમે? આથી લોકો આવે અને ગાયને વખાણે અથવા માગે તે મને જરા યે ન ગમતું. શા માટે ભાઈ નકામા

મને તકલીફ આપે છે? એ લોકોને તો વચન નાંખી જોવાનું હતું, પણ મારે તો મારું ઘર હારી જવા જેવું હતું.

દિવસે દિવસે આ બાબતમાં મને નિરાંત આવતી ગઈ.

એક દિવસ સીમમાંથી આવતાં ગાયને ખૂબ મોડું થયું. હું સીમ આખી તેને શોધવા રખડ્યો. ક્યાં યે પત્તો લાગ્યો નહિ. "કોઈ એને લઈ ગયું હશે? કોઈએ વખતે પરાણે ખીલે બાંધી દીધી હશે?"

હતાશ થઈને ઘેર આવું છું તો ગાય આવીને ઊભેલી! મને ખબર પડી કે સગરામપરનો ગરાશિયો એને બાંધીને લઈ ગયેલો, પણ ગાય તેને શીંગડે ચડાવી ભાગી આવી.

તે છતાં ગાયની મને બહુ ચિંતા રહેતી. ગરાશિયો લઈ ગયો તેથી ઊલટી ચિંતા વધી. મેં ગાયને સીમમાં મોકલવાનું બંધ કર્યું. મને થયું કે હવે ગાયને કોઈ હાકી જશે નહિ.

એકબે દિવસ ગાય ઘેર રહી પણ ત્રીજે

દિવસે સવારે જોઉં તો એ તો તોડાવીને સીમમાં ગઈ છે! ત્રણ દિવસ સુધી પાછી આવી નહિ. શોધતાં શોધતાં મને એક વડ નીચે બેઠેલી જડી. ગામડાના લોકો કહે: "આ તે કાંઈ ગાય છે! ખાતી નથી, પીતી નથી, ને નિસાસા મૂક્યા કરે છે. અમે ખવરાવ્યું પણ ન ખાધું; પટેલે ખડ નાખ્યું પણ ન ખાધું; મુખી એને ઘેર લઈ જવા આવ્યો પણ કેમે કરી ન ગઈ!"

મને દેખીને ગાય કૂદતી નાચતી મારી પાસે આવી ને માથું છાતીએ અડાડી ઊભી રહી. જાણે કે કહેતી હોય: "મને કોણ ઉપાડી જનાર છે? ને હું તને મૂકીને ક્યાં ભાગી જાઉં એવી છું? ખીલો તોડાવીને ભાગી, પણ પછી તો અહીં જ બેઠી છું. ગરાશિયો મને શું લઈ જતો'તો?"

મેં ગાયને પંપાળી; માથે હાથ ફેરવ્યો; હાથમાં લઈને ઘાસ આપ્યું. ત્રીજે દિવસે ગાયે અપવાસ તોડ્યો; મારે પણ ત્રીજે અપવાસ ચાલતો હતો. મેં એનું દૂધ પીને પારણું કર્યું.

હવે અમારા ગામમાં ગાયોનો મહિમા ખૂબ વધ્યો છે. અમારી ગાય તો કામદુધા જ કહેવાય છે. પણ ઘરઘરની ગાયો પણ પુજાવા લાગી છે. ઘેરઘેર ગાયમાતાની સેવા થવા લાગી છે. આખા ગામમાં એવું ઘર નથી કે જ્યાં ગાય નથી. ગાયની પાછળ વાછરુ છે. સવારે ગાયનું ધણ સીમમાં જાય છે, સાથે અમારા છોકરા ને છોકરીઓ જાય છે. સીમ એટલે તો જાણે વૃન્દાવન! ગાયો બધી ઠાર ઠાર બેસે છે ને વાગોળે છે; ઘડીક કૂદે છે ને ઘડીક દોડે છે; ને દોડે છે ત્યારે ગળાની સુંદર ઘંટડીઓ ટન ટન વાગે છે.

છોકરાઓ અને છોકરીઓને ભાત દેવા એની માતાઓ જાય છે; વખતે બાપાઓ પણ જાય છે. હોંશીલા ભાઈઓ અને બહેનો તો ગાયોને માટે પણ કંઈ કંઈ લઈ જાય છે.

સાંજે ગોધૂલિક સમયે ગાયનું ધણ પાછું આવે છે. મોઢા આગળ અમારી ગાય હાથી

ગોધૂલિક=સાંજ; પાછી ફરતી ગાયોની ધૂળ ઊડે તે વેળા

જેમ ચાલી આવે છે; પાછળ બીજી ગાયો ય મહાલતી મહાલતી આવે છે. અમારું ગામ તો ગાયોનું થઈ ગયું છે, ને અમે બધા તો જાણે ગોવાળો થઈ ગયા છીએ !

આ બધી ગાયો હીંહોરા કરે છે ને ઘરને આંગણે રહેલાં વાછરુઓ સામેથી હોંકારો આપે છે. અને સાંજ પડ્યે ઘેરઘેર તાંબડીમાં મીઠી દૂધની સેરો ઝરણઝરણ પડવા માંડે છે.

ગાયોનાં દૂધ અને રોટલાનાં વાળુ કાંઈ મીઠાં લાગે છે !

ગાયોના વધ્યા દૂધનાં દહીં થાય; દહીં-માંથી છાશ, માખણ ને ઘી થાય. ગામમાં ઘી-દૂધની બહોળાળ છે. ઘીદૂધ અમારું ધન છે. છોકરાં ઘીદૂધ ખાઈ જાડાં થયાં છે. આ બધું ગાયોના પ્રતાપે—એની સેવાને પ્રતાપે છે.

જય જય, ગૌરી માતકી જય !

# દરેક ઘરમાં હોવાં જ જોઈએ

## શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરનાં પ્રકાશનો

### બાળકો તેમ જ કિશોરો માટેનાં

| | | | |
|---|---|---|---|
| ૧ | બાલસાહિત્યમાળા • ૮૦ પુસ્તકો | આખા સેટના | ૨૦–૦ |
| ૨ | બાલસાહિત્યગુચ્છ • ૨૫ પુસ્તકો | ,, | ૭–૮ |
| ૩ | બાલસાહિત્ય વાટિકા • ૩૫ પુસ્તકો • દરેક પુસ્તકના | | ૧–૦ |
| ૪ | બાળવાર્તાઓ ભા. ૧–૫ • શ્રી ગિજુભાઈ | ,, | ૧–૦ |
| ૫ | કિશોરકથાઓ ભા. ૧–૨ ,, | ,, | ૧–૦ |
| ૬ | રખડુ ટોળી ખંડ ૧–૨ ,, | | ૦-૧૨ |
| ૭ | બાળલોકગીત સંગ્રહ ભા. ૧–૨ ,, | દરેકના | ૦–૬ |
| ૮ | ધર્માત્માઓનાં ચરિતો ,, | | ૧–૮ |
| ૯ | ઇસપનાં પાત્રો : ગધેડાં ,, | | ૦–૮ |
| ૧૦ | મહાભારતનાં પાત્રો ૧–૧૩ • શ્રી નાનાભાઈ • | સેટના | ૧૨–૮ |
| ૧૧ | રામાયણનાં પાત્રો ૧–૬ ,, | ,, | ૭–૮ |
| ૧૨ | આખ્યાયિકાઓ ખંડ ૧–૨ ,, | દરેકના | ૧–૮ |
| ૧૩ | શ્રીમદ્ લોકભાગવત ,, | | ૫–૮ |
| ૧૪ | ભાગવતકથાઓ ,, | | ૧–૮ |
| ૧૫ | બાલરામાયણ | શ્રી મોંઘીબેન | ૧–૮ |
| ૧૬ | ભગવાન બુદ્ધ | શ્રી ગિજુભાઈ | ૦–૬ |
| ૧૭ | સો. કે. નાં પરાક્રમો | શ્રી રમેશ ગૌતમ | ૦–૫ |
| ૧૮ | ટારઝન ભાગ ૧–૧૦ | શ્રી શંકર શાહ • દરેકના | ૦-૧૨ |
| ૧૯ | રંગરેખા (ચિત્રસંગ્રહ–બે સંપુટ) | સોમાલાલ શાહ ,, | ૩–૦ |
| ૨૦ | બાપુજીની અને બીજી વાતો | કપિલાબેન ઠાકોર | ૦-૧૨ |
| ૨૧ | પીળાં પલાશ (બાળનાટકો) | શ્રીધરાણી | ૦–૮ |

: મળવાનું મુખ્ય સ્થળ :

## આર. આર. શેઠની કંપની : મુંબઈ–૨

બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ : પ્રિન્સેસ સ્ટ્રીટ